તા. ૦૩.૦૨.૨૦૨૪

નવગુજરાત સમય, પાના નં. ૦૩



### શહેરી વિકાસ માટે 21696 કરોડ

## અમદાવાદ, સુરત શહેરમાં ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે 1800 કરોડની જોગવાઈ

- અમદાવાદ અને સુરત શહેરમાં ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ.૧૮૦૦ કરોડની જોગવાઈ.
- સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી શહેરી વિસ્તારમાં માળખાકીય સગવડો માટે રૂ.૮૬૩૪ કરોડની જોગવાઈ.
- AMRUT 2.0 હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવોના વિકાસ, પરિવહન વ્યવસ્થા વગેરે માટે રૂ.૨૦૦૦ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ શહેરી ગરીબોને ઘર આપવા માટે રૂ.૧૩૨૩ કરોડની જોગવાઈ.
- નગરપાલિકાઓના વીજબીલ પ્રોત્સાહન નિધિ અંતર્ગત રૂ.૧૨૪ કરોડની જોગવાઇ.
- શહેરી વિસ્તારોને રેલવે ક્રોસિંગમુક્ત બનાવવા ઓવરબ્રિજ-અંડર બ્રિજ બાંધવા રૂ.૫૫૦ કરોડની જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ પ્રવાહી અને ઘન કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવા રૂ.૫૪૫ કરોડની જોગવાઈ.
- મનપા-નગરપાલિકાઓની મિલકતોને પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો દ્વારા સંચાલિત કરવા, એનર્જી ઓડિટ કરાવવા અને સંલગ્ન કામો માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઈ.
- મનપા-નગરપાલિકાઓની મિલકતોના વાર્ષિક દેખરેખ અને નિભાવ (O&M) માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.